# ઝાલાવાડ જૈન દર્શન

**(ZALAWAD JAIN DARSHAN) - RNI NO MAHBIL/2021/80571**

**Vol. No. 60 ❖ Issue : 08 ❖ Pages : 28 ❖ February 2025 ❖ Monthly Magazine ❖ Rate : Rs.3/-**




**શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ – મુંબઈ સંચાલિત તથા**

**સમાજરત્ન શ્રી ચીનુભાઇ છગનલાલ શાહ પરિવાર પ્રેરિત**

## શાશ્વતા તીર્થ શેત્રુંજય ગિરિરાજની ગોદમાં શાશ્વતી નવપદજી ની આયંબિલ ઓળી કરાવી પુણ્ય કમાવવાનો ઉમદા અવસર...

ગત બે વર્ષમાં ૪ આયંબિલ ઓળી લાભાર્થી પરિવારો થકી શ્રી સંઘના સુંદર અને સફળ આયોજન અને સંચાલનથી સંપૂર્ણ થઈ ગઈ. ગત ચૈત્ર – આસોમાસ ૪ ઓળીના અનુભવના તારણથી શ્રી સંઘના આયોજનથી આરાધકો સંતોષ રૂપી સાચવતા શાહી અત્તરવાયણા, રજવાડી પારણા થયેલ. સાથે ૧૧ દિવસ આરાધકોએ સુંદર તપ સાથે ધર્મની આરાધના કરાવવાના સાથે જેમાં ઘણાં બધા દાતાઓનો લાભ લેવાની ભાવના હતી.

આ ચારેય ઓળીનો સમાજના અગ્રગણ્ય શ્રેષ્ઠીઓ લાભાર્થી પરિવારોએ લાભ લીધેલ હતા. સુંદર આયોજન અંદાજીત ૧૦૦ થી ૧૨૦ આરાધકો દરેક ઓળીમાં આવતા હતા.

આ વર્ષની ઓળીમાં ૯ દાતાઓએ રૂા. એક–એક લાખ આપીને આ લાભ આગામી ચૈત્ર માસની ઓળીમાં લીધેલ છે. મોટો ખર્ચમાં અત્તરવાયણા, પારણા તથા આયંબિલની રસોઈ અને યાત્રિકભવનના ૧૧ દિવસનું બ્લોકના ભાડાનો સમાવેશ થાય છે. જેમાં આયંબિલની રસોઈમાં ૪૦ થી ૪૫ વાનગીઓ બનાવવામાં આવે છે. આવા સુંદર આયોજન થકી આયંબિલ ઓળીમાં ખર્ચ પણ એવો જ આવે છે. આટલો ખર્ચ હોવા છતા સમાજના અગ્રગણ્ય શ્રેષ્ઠીઓએ અચૂક લાભ લઈ પુણ્યનું ભાથું બાંધ્યું છે. આધુનિક, સુવિધાયુક્ત રહેવાની સુંદર વ્યવસ્થા સાથે પ.પૂ.મુનિભગવંતનું શ્રીનવપદજી વિષય પર વાંચના અને સાધ્વીજી ભગવંત દ્વારા શ્રીપાળ રાજા – મયણાસુંદરીના રાસનું વાંચન કરવાનો લાભ આરાધક બહેનોને મળે છે.

ઓળી દરમ્યાન આરાધકોને પાલીતાણાની આજુ–બાજુના તીર્થો જેવા કે અઢીદ્વીપ, કીર્તીધામ, સિધ્ધવડ અને ઘેટીપાગ કદમ્બગીરી વગેરેની યાત્રા કરાવવામાં આવે છે. અત્યાર સુધી નીચે જણાવેલા ચાર લાભાર્થી પરિવારોએ શાશ્વતા તીર્થમાં શાશ્વતી ઓળીના સુંદર લાભ લઈ પુણ્યનું ભાથું બાંધેલ છે.

**માતુશ્રી મંજુલાબેન ચીનુભાઈ હિંમતલાલ શાહ પરિવાર (સમાજરત્ન) – રામપુર ભંકોડા – વાલકેશ્વર, મુંબઈ**

**માતુશ્રી રંજનબેન હર્ષદભાઈ દીપચંદ શાહ પરિવાર – લીંબડી – વાલકેશ્વર, મુંબઈ**

**શ્રીમતી ભામિનીબેન દિલીપભાઈ ખીમચંદ શાહ પરિવાર – ખેરવા જતના – દાદર, મુંબઈ**

**માતુશ્રી લલિતાબેન તારાચંદ પોપટલાલ શેઠ પરિવાર – ચુડા – જુહૂ, વિલેપાર્લા, મુંબઈ**

આગામી આસો માસ માટે શાશ્વતા તીર્થમાં શાશ્વતી ઓળીનો લાભ લેવાની ભાવના હોય તે નીચેના મોબાઈલ નંબર ઉપર જણાવશો. જીવનમાં તપ સાથે ધર્મ આરાધના શાશ્વતા તીર્થમાં કરાવવાનો લાભ વારંવાર મળતો નથી.

**મો.: ૯૮૬૯૦ ૪૦૧૫૦** **મો.: ૯૮૨૧૪ ૧૩૩૭૭**


SYMBOL OF TRUST

દિનેશભાઈ ટી. શાહ
મો.: ૯૩૨૪૯૭૮૭૪૭
વઢવાણવાળા

**યુનીક જ્વેલર્સ** ™

શુધ્ધ ચાંદીના થાળી, વાટકા, ગ્લાસ, સીક્કા, લગડી તથા પ્રેઝન્ટેશન આર્ટીકલ્સ અને ફેન્સી જ્વેલરીના વેપારી

બોરીવલી શો રૂમ : આવીશ્કાર ટાવર, શોપ નં. ૩૦–૩૧,
ચંદાવરકર સર્કલ, વૃંન્દા હોટલ સામે, બોરીવલી (વેસ્ટ), મુંબઈ – ૪૦૦૦૯૨.
ફોન : ૨૮૯૧ ૧૯૯૮ (ઘર) ૯૮૧૯૨૮૮૪૨૭

# કુર્યાત સદા મંગલમ

મૂળી નિવાસી - હાલ ગોરેગાંવ રહેતા શ્રીમતી સરોજબેન મહેન્દ્રભાઈ વૃજલાલ શાહની પૌત્ર તે શ્રીમતી મોના કેયૂરભાઈ શાહના સુપુત્ર ચિ.સ્મીતના શુભલગ્ન સંવત ૨૦૮૧ના માગસર સુદ-૩ને તા.૪ ડીસેમ્બર ૨૦૨૪ના રોજ શ્રીમતી દિપાલીબેન જીજ્ઞેશભાઈ વસંતભાઈ પારેખની સુપુત્રી મોક્ષવી સાથે પ્લઝ રીસોર્ટ - સીલવાસા મુકામે ઉલ્લાસપૂર્વક ભવ્યાતિભવ્ય સંપન્ન થયા. સંઘપ્રમુખ શ્રી દિલીપભાઈ કે. શાહ, I.P.P. શ્રી અરવિંદભાઈ કે. શાહ, મંત્રી શ્રી મુકેશભાઈ યુ. શાહ, ટ્રસ્ટી શ્રી જયેન્દ્રભાઈ એચ. શાહ, શ્રી ગુણવંતભાઈ કે. શાહ : સુપુત્રો શ્રી પ્રણવભાઈ, શ્રી રાજીવભાઈ સર્વે સહકુટુંબ આશીર્વાદ આપવા માટે પધાર્યા હતા.

શ્રી મહેન્દ્રભાઈ શાહની ગોરેગાંવ મંડળ અને શ્રી સંઘમાં કારોબારી સભ્ય થી ઉપપ્રમુખ સુધી દીર્ઘકાલીન સેવા સાથે માતબર રકમના આર્થિક યોગદાન આપેલ છે. શુભલગ્ન નૈસર્ગીક વાતાવરણમાં દરિયા કિનારે રાખવામાં આવેલ. સુપુત્રો શ્રી કેયૂરભાઈ, શ્રી હર્નીષભાઈ અને શ્રી મહેન્દ્રભાઈની સાલસતા અને વિનયપૂર્વક વ્યવહારના લીધે સગા-સંબંધી મિત્રો અને વ્યાપારીઓએ ઉપસ્થિત રહી આશીર્વાદ આપેલ.

પૌત્ર સ્મિતના (દાદી-દાદા) શ્રી સરોજબેન મહેન્દ્રભાઈ શાહ તથા સમગ્ર શાહ પરિવારની મંગલ ભાવન વ્યક્ત કરી હતી. નવદંપત્તિનું લગ્નજીવન ખૂબજ સુખમય, આનંદમય, સમૃધ્ધિમય, નિરામય બની રહે તેવી લાગણી સાથે શુભેચ્છાઓ વ્યક્ત કરી હતી. નવદંપત્તિને શુભાશિષ, શુભ મંગલભાવના.



## મોક્ષવી - સ્મીત

| વિભાગ | રૂા. |
|---|---|
| (૧) સાધર્મિક ભક્તિ ભેટ | ૧૦૦૦/- |
| (૨) કેળવણી ભેટ | ૫૦૦/- |
| (૩) પત્રિકા ભેટ | ૫૦૦/- |
| (૪) સમૂહ લગ્ન ભેટ | ૫૦૦/- |
| (૫) તપશ્ચર્યા ભેટ | ૫૦૦/- |
| (૬) યાત્રિકભવન ભેટ | ૫૦૦/- |
| (૭) જીવદયા | ૫૦૦/- |
| (૮) ભોજનશાળા (યાત્રિકભવન) | ૫૦૦/- |

કુલ રૂા. ૪૫૦૦/- શ્રી સંઘને ભેટ મળેલ છે.

**શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ - મુંબઈ**

પ્રમુખ : સ.ર.શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ
IPP : સ.ગૌ.અરવિંદભાઈ કાંતિલાલ શાહ
ઉપપ્રમુખ : શ્રી મહેન્દ્રભાઈ વ્રજલાલ શાહ
ઉપપ્રમુખ : શ્રી કમલેશભાઈ મહાસુખલાલ પારેખ
મંત્રીઓ : શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ
શ્રી પિયુષભાઈ કાંતીલાલ શાહ
શ્રી ભરતભાઈ નેમીચંદ કુવાડીયા
સહમંત્રી : શ્રી મીતેશ સુભાષભાઈ શાહ
ખજાનચી : શ્રી ગિરીશભાઈ કાંતીલાલ શાહ
સહખજાનચી : શ્રી કેતનભાઈ કનૈયાલાલ શાહ
P.R.O. : શ્રી દિપકભાઈ ગુલાબચંદ ગાંધી

ટ્રસ્ટીશ્રીઓ

શ્રી કિરીટભાઈ રતનશી શાહ
શ્રી સંજયભાઈ ભાઈલાલ શાહ
શ્રી કુમારભાઈ નગીનદાસ શાહ
શ્રી જયેન્દ્રભાઈ હરીલાલ શાહ
શ્રી પ્રકાશભાઈ રસીકલાલ શાહ
શ્રી બીપીનભાઈ રતીલાલ વોરા

તંત્રી : શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ
પરામર્શક : શ્રી ઉપેન્દ્ર રસિકલાલ શાહ

**રજી. ઓફીસ**
શ્રી નમીનાથજી જૈન ઉપાશ્રય પાયધુની,
મુંબઈ - ૪૦૦ ૦૦૩

વલ્લભદાસ કાનજી બિલ્ડીંગ, બીજે માળે,
૧૭૫, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨

**વહીવટી ઓફીસ :** ન્યુ ઈંડિયા હાઈટ્સ, ૮મે માળે, જીવનધામ સોસાયટી પાસે, ઓલ્ડ પોલીસ લેન, અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૯

**કામકાજનો સમય : ૧૧.૦૦ થી ૬.૦૦**
**મો. : ૯૧૩૭૩૪૨૮૧૮**
દામોદરવાડી : ૨૮૮૭ ૪૬૩૩

**પત્રિકામાં પ્રગટ થતા લેખો કે વિચાર લેખકના અંગત છે. તેની સાથે સંસ્થા કે તંત્રી સહમત છે એમ માની લેવું નહીં. લેખ મોકલનારે છપાવા બાબત પૃચ્છા કરવી નહીં તેની ખાસ નોંધ લેવી. કાનૂની કાર્યવાહીનું અધિકાર ક્ષેત્ર મુંબઈ રહેશે.**

છૂટક મુલ્ય રૂા.૩/-

Email :
**zalawadjainsangh@gmail.com**
Website :
**www.zalawadjainsangh.org**

## તંત્રી સ્થાનેથી....

આ પત્રિકા આપના હાથમાં આવશે ત્યારે શ્રી ઝાલાવાડ સંઘના ઈતિહાસમાં એક નવું પાનું ઉમેરાશે. આ ઈતિહાસમાં શ્રી સંઘના (૧૦૦ વર્ષ) શતાબ્દી વર્ષ બાદ અને ગત પદ પ્રદાન (૨૦૦૬માં) કરેલ. આ પદ પ્રદાન સ્નેહમિલન કાર્યક્રમની પૂર્વ તૈયારી થઈ ચુકી છે. વીશ વર્ષ બાદ કાર્યક્રમ થઈ રહ્યો છે.

દોઢ વર્ષથી જેની રાહ જોવાઈ રહી હતી કે આ વીતેલા વીશ વર્ષમાં તન-મન-ધનથી સમાજ સમર્પિત પ્રતિભાઓને વિશિષ્ટ પદ પ્રદાન કરવાની સુંદર પ્રણાલી સમાજના મોભીઓએ શરૂ કરેલી. આ પ્રણાલીને આગળ ધપાવીને જ્યુરી સભ્યોએ નક્કી કરેલ પ્રતિભાશાળી શ્રેષ્ઠીવર્ય સભ્યોને ‘સમાજરત્ન’, ‘સમાજગૌરવ’ અને ‘સમાજવિભૂષણ’ પદ પ્રદાન સાથે આમંત્રિત સભ્યોનું સ્નેહમિલન પણ થઈ રહ્યું છે. આ ઘડીને, આ દિવસની રાહ ઉત્સુકતાથી જોઈ રહ્યા હતા તે પૂર્ણ થશે. આ કાર્યક્રમ સમાજના અગ્રગણ્ય, શ્રેષ્ઠીઓ, મહાનુભાવો અને દાતાશ્રીઓ તથા પરામંડળ, મહિલા મંડળ અને યુવા મંડળના પદાધિકારી અને કમીટી સભ્યોની ઉપસ્થિતિમાં કાર્યક્રમની ભવ્યાતિભવ્ય આયોજન થઈ ચૂકેલ છે.

તેમજ અન્ય જૈન સમાજનાં અગ્રગણ્યો, શ્રેષ્ઠીઓ પણ ઉપસ્થિતિ રહેશે. આ પ્રસંને માણવા જોવા અને સાક્ષી બનવા માટે ઘણાં બધા સમાજના સભ્યોની માંગણી હતી. જે સ્થળની સંખ્યા મર્યાદિત હોવાથી બધાને આમંત્રિત કરી શક્યા નથી.

## શું વાંચશો..? આ અંકમાં...

★ ચૈત્ર માસ આયંબિલ ઓળી અહેવાલ કવર પેઈજ ★ શ્રીમતી સરોજબેન મહેન્દ્રભાઈ શાહના પૌત્ર - શુભલગ્ન વિષે ★ શ્રીમતી જસ્મીનાબેન મુકેશભાઈ શાહના સુપુત્રીના શુભલગ્ન વિષે ★ સાયન-માટુંગા-વડાલા-દાદર વાર્ષિક કાર્યક્રમ ફોટા + અહેવાલ ★ પરામંડળ, મહિલા મંડળ અહેવાલ સમાચાર ★ ‘રોવીંગ આઈસ’ ★ સંવેદનાના સ્પંદનો ★ ‘શોધતો રહ્યો’ કાવ્ય રચના ★ ‘દાન ચઢે કે ત્યાગ’ - ટૂંકી વાર્તા ★ ‘ભારત દેશ’ મારો જ દેશ છે - સ્વદેશી

# શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ – મુંબઇ

૧૭૫, પ્રિન્સેસ સ્ટ્રીટ, વલ્લભદાસ કાનજી બીલ્ડીંગ, બીજે માળે, મુંબઇ - ૪૦૦૦૦૨.

**વહીવટી ઓફીસ :** ૮૦૧, ન્યુ ઇંડીયા હાઇટ્સ, ઓલ્ડ પોલિસ લેન, રેલ્વે સ્ટેશન સામે, અંધેરી (ઇસ્ટ), મુંબઇ - ૪૦૦૦૬૯.

## અસાધારણ સામાન્ય સભા

તા. ૧૦/૦૨/૨૦૨૫

સભ્ય ભાઇઓ,

આપણા શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઇની અસાધારણ સામન્ય સભા તા. ૦૧/૦૩/૨૦૨૫ શનિવાર બપોરે ૪.૦૦ કલાકે નીચે જણાવેલ સ્થળે અને નીચે જણાવેલ કાર્યવાહી માટે મળશે. સૌ સભ્યોને (આજીવન - પેટ્રન) સમયસર પધારવા વિનંતી.

**સ્થળ :** ૮૦૧, ન્યુ ઇંડીયા હાઇટ્સ, ઓલ્ડ પોલિસ લેન,રેલ્વે સ્ટેશન સામે, અંધેરી (ઇસ્ટ), મુંબઇ - ૪૦૦૦૬૯.

**સમય :** વિક્રમ સવંત ૨૦૮૧ ફાગણ સુદ ૨ - ૦૧/૦૩/૨૦૨૫ શનિવાર બપોરે ૪.૦૦ કલાકે.

**: કાર્યસૂચી :**

૧. શ્રી સંઘના બંધારણ સૂચિત સુધારા - વધારા વિશે ચર્ચા વિચારણા કરી બંધારણ પસાર કરવા બાબત.

૨. પસાર થયેલ - મંજુર થયેલ સુધારા - વધારા સાથેના બંધારણના અમલીકરણ ની તારીખ નક્કી કરવા બાબત.

**મુકેશભાઈ યુ. શાહ – પીયુષભાઇ કે. શાહ – ભરતભાઇ એન.કુવાડીયા**
**માનદ્ મંત્રીશ્રીઓ**
**મીતેશભાઇ એસ. શાહ – સહમંત્રીશ્રી**

**નોંધ :**

૧. કાર્યવાહક કમીટીએ પસાર કરેલ / મંજુર કરેલ સુચિત બંધારણની કોપી શ્રી સંઘની વહીવટી ઓફીસે (અંધેરી ઓફીસ) રાખવામાં આવી છે. કોઇપણ સભ્યને આ કોપી જોઇતી હોય તો શ્રી સંઘની અંધેરી ઓફીસેથી તા. ૨૧/૦૨/૨૦૨૫ થી ૨૭/૦૨/૨૦૨૫ સુધીમાં મેળવી લેવી. સમય : બપોરે ૧૨ થી ૫ સુધી.

૨. આ બંધારણમાં કોઇ સુધારો / વધારો સુચવવા ઇચ્છતા હોય તો આપે આની લેખિત જાણ શ્રી સંઘને મોડામાં મોડી તા. ૨૭/૦૨/૨૦૨૫ સાંજના ૫.૦૦ વાગ્યા સુધીમાં કરવાની રહેશે. તા. ૦૧/૦૩/૨૦૨૫ની અસાધારણ સભામાં સમય મર્યાદામાં આવેલ લેખિત સુધારા / વધારા પર જ ચર્ચા-વિચારણા કરવામાં આવશે. સભાના સમયે કોઇપણ મૌખિક રજૂઆત કરવામાં આવશે નહીં જેની સભ્યોએ નોંધ લેવા વિનંતી.

૩. આ સભા જો કોરમના આભાવે મુલતવી રહશે તો મુલતવી રહેલી સભા અડધા કલાક બાદ મળશે અને એજન્ડામાં (કાર્યસૂચીમાં) જણાવેલ કામકાજ હાથ ધરાશે. જે બંધારણીય અને સૌને બંધનકર્તા રહેશે.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક મંડળ
## (સાયન - માટુંગા - વડાલા - દાદર)

મંડળનો ૪૦ મો વાર્ષિક સ્નેહમિલન, તપસ્વી બહુમાન, વિદ્યાર્થી પારિતોષિક, ધાર્મિક ઇનામોનો એક કાર્યક્રમ તા.૧-૧૨-૨૦૨૪ રવિવારના રોજ સવારે ૯/૦૦ કલાકે એસ.એન.ડી.ટી. હોલ, માટુંગા ખાતે યોજવામાં આવેલ હતો.

સવારે ૮/૩૦ કલાકે ખુશનુમા વાતાવરણમાં મંડળના સભ્યોની આવવાની શરૂઆત થઇ હતી. પધારેલ સભ્યો માટે નવકારશીની વ્યવસ્થા રાખેલ હતી. નવકારશીને ન્યાય આપી સભ્યોએ હોલમાં બેઠક લીધી હતી.

બરાબર સવારે ૯/૦૦ કલાકે 'ટ્રેઝર હન્ટ' ની રમત રમાડવાની શરૂઆત કરી હતી. આ રમતમાં ૨૦ જોડીએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ રમત રમાડવા માટે શ્રી હેમંતભાઈ શાહ તથા તેમના ધર્મપત્ની શ્રીમતી ચારુબેન આવ્યા હતા. ટ્રેઝર હન્ટ માટે તૈયાર કરેલા પેપર તથા આ રમતના નિયમો તેમણે તથા મંડળના ઉપપ્રમુખ શ્રી રાજેશભાઈ ગાંધીએ સમજાવ્યા હતા. આ રમતમાં હોલની આજુ બાજુ અડધા કીલોમીટરના દાયરામાં આપેલ કલુ પરથી ગોતી તે સ્થળો ની સેલ્ફી સાથે ફોટો તેમજ અનેક ચીજો ભેગી કરીને નિર્ણાયકોને આપવાની હતી. આ રમત માટે ૪૦ મીનીટનો સમય આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમનું સંચાલન શ્રી રાજેશભાઈ ગાંધીએ કરેલ હતું.

ત્યારબાદ ૧૦/૦૦ કલાકે કૌટુંબિક ચિત્ર સ્પર્ધા તથા ગહુલીની સ્પર્ધા રાખવામાં આવી હતી. મંડળના જે સભ્યોએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો તેમને નિયમો સમજાવવામાં આવેલ તેમજ તેમણે આપેલા સમયમાં આ સ્પર્ધા પૂર્ણ કરવાની હતી. આ ઉપરાંત કાર્યક્રમમાં નીપાબેન શાહને સભ્યોને રમત રમાડવા માટે ખાસ આમંત્રણ આપવામાં આવેલ હતું. નીપાબેને વિવિધ પ્રકારની રમતો રમાડીને મંડળના સભ્યોને જકડી રાખ્યા હતા. સભ્યોએ પણ આ રમતમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો અને ઇનામો મેળવ્યા હતા.

સમાજરત્ન શ્રી ચીનુભાઈ હિંમતલાલ શાહ મંડળના આમંત્રણને માન આપી તેમના અન્ય રોકાણમાંથી થોડો સમય ફાળવી મંડળને શુભેચ્છા આપવા પધાર્યા હતા. તેમનું બહુમાન મંડળના પ્રમુખ શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ તથા મંડળના ઉપ-પ્રમુખ શ્રી જયેન્દ્રભાઈ હરિલાલ શાહે બુકે તથા મોતીની માળાથી કરેલ હતું. તેમને મંડળને ખુબ ખુબ શુભેચ્છા સાથે મંડળ આપણા સમાજ માટે સારા કાર્યો કરે તેવી ભાવના વ્યક્ત કરી હતી. મંડળે તેમનો ખુબ ખુબ આભાર માન્યો હતો.

બરાબર ૧૨/૩૦ કલાકે મંડળના મંત્રીશ્રી રાજેશભાઈ શાહે કાર્યક્રમના સંચાલન કરવા સાથે દીપ પ્રાગટ્ય માટે પ્રમુખ શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહ, ઉપપ્રમુખ શ્રી જયેન્દ્રભાઈ હરિલાલ શાહ, ઉપપ્રમુખ શ્રી રાજેશભાઈ ગાંધી, દાતા શ્રીમતી શારદાબેન કિશોરભાઈ શાહ, શ્રી નરેશભાઈ ગાંધી, શ્રીમતી વીણાબેન કિરીટભાઈ બાબરિયા, ફાઉન્ડેશનના વાઈસ ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહ વગેરેને દીપ પ્રાગટ્ય કરી મંચ ઉપર બિરાજમાન થવા માટે આમંત્રણ આપેલ.

મંત્રીશ્રી રાજેશભાઈ શાહે કાર્યક્રમની શરૂઆત કરતા પ્રથમ પ્રમુખશ્રી દિલીપભાઈ ખીમચંદ શાહને સ્વાગત પ્રવચન આપવા માટે આમંત્રિત કરેલ.

પ્રમુખશ્રી દિલીપભાઈ ખીમચંદ શાહે તેમના સ્વાગત પ્રવચનમાં સૌ પ્રથમ આમંત્રિત મહેમાનો, દાતાશ્રીઓ તથા ઉપસ્થિત મંડળના સભ્યોનું હાર્દિક સ્વાગત કરેલ તથા તપસ્વીઓની અનુમોદના, વિદ્યાર્થીઓને બિરદાવવા સાથે અભિનંદન તથા શુભેચ્છા આપેલ, સંઘના આગામી કાર્યક્રમોની જાણકારી આપેલ હતી. મંડળ ૪૦ માં વર્ષમાં પ્રવેશ કરી રહ્યું છે. આવતો ૪૧ મો વાર્ષિક કાર્યક્રમ આપણે ધામધુમથી ઉજવીશું. તેમજ વર્ષ દરમ્યાન જાત્રા પ્રવાસ, મેડીકલ કેમ્પ તે ઉપરાંત ધાર્મિક તથા સામાજિક પ્રવૃત્તિ કરવા માટે મંડળના કમિટી સભ્યોને તથા મંડળના સભ્ય પરિવારને પ્રોત્સાહન આપેલ હતું.

મંડળના વાર્ષિક સ્નેહમિલનના કાયમી દાતા શ્રી ખીમચંદ છગનલાલ શાહ પરિવારના શ્રી રૂપેશભાઈ દિલીપભાઈ શાહનું બહુમાન મંડળના ઉપપ્રમુખ શ્રે જયેન્દ્રભાઈ હરિલાલ શાહે બુકે તથા મોતીની માળાથી કરેલ હતું.

મંડળના વાર્ષિક સ્નેહમિલનના કાયમી દાતા સમાજરત્નશ્રી ચીનુભાઈ છગનલાલ શાહ પરિવારના શ્રી હર્ષદભાઈ શાહનું બહુમાન મંડળના ઉપપ્રમુખશ્રી રાજેશભાઈ ગાંધીએ બુકે તથા મોતીની માળાથી કરેલ હતું.

વાર્ષિક સ્નેહમિલનના કાયમી દાતા તથા તપસ્વી બહુમાનના દાતા માતુશ્રી ધીરજબેન નંદલાલ ગાંડાલાલ શાહ પરિવારના શ્રીમતી શારદાબેન કિશોરભાઈ શાહનું બહુમાન શ્રીમતી ભામીનીબેન દિલીપભાઈ શાહે બુકે તથા મોતીની માળાથી કરેલ હતું.

વાર્ષિક સ્નેહમિલનના કાયમી સહયોગી દાતા શ્રી સી.એમ.ગાંધી પરિવારના શ્રી નરેશભાઈ ગાંધીનું બહુમાન શ્રી ધીરુભાઈ સંઘવીએ બુકે તથા મોતીની માળાથી કરેલ હતું.

વિદ્યાર્થી બહુમાનના દાતા શ્રીમતી ઇન્દુબેન વૃજલાલ પોપટલાલ બાબરિયા પરિવારના શ્રીમતી વીણાબેન કિરીટભાઈ

બાબરિયાનું બહુમાન શ્રીમતી ઇલાબેન જયેન્દ્રભાઈ શાહે બુકે તથા મોતીની માળાથી કરેલ હતું.

શ્રી ઝાલાવાડ સંઘના IPP શ્રી અરવિંદભાઈ કાંતિલાલ શાહનું બહુમાન મંત્રીશ્રી વિજયભાઈ દોશીએ બુકે તથા મોતીની માળાથી કરેલ હતું.

ફાઉન્ડેશનના વાઈસ ચેરમેન શ્રી મહેન્દ્રભાઈ ચીમનલાલ શાહનું બહુમાન મંત્રીશ્રી રાજેશભાઈ શાહે કરેલ હતું.

ZBF ના વાઈસ ચેરમેન શ્રી કિરણભાઈ કાંતિલાલ શાહનું બહુમાન મંડળના ઉપપ્રમુખ શ્રી રાજેશભાઈ ગાંધીએ બુકે તથા મોતીની માળાથી કરેલ હતું.

મંડળના ૪૦ માં વર્ષના કાર્યક્રમ પ્રસંગે મંડળના આદ્ય સ્થાપક તથા મંડળના ઉપ-પ્રમુખ શ્રી જયેન્દ્રભાઈ હરિલાલ શાહે ૪૦ વર્ષ દરમ્યાન મંડળ દ્વારા થયેલ વિવિધ પ્રવૃત્તિની જાણકારી આપેલ તથા મંડળના ભૂતપૂર્વ પ્રમુખો શ્રી સી.એમ.ગાંધી, શ્રી જમનાદાસ દીપચંદ શાહ, શ્રી હિંમતલાલ દીપચંદ શેઠ, સમાજરત્ન શ્રી ચીનુભાઈ છગનલાલ શાહ, શ્રી મનુભાઈ જયંતીલાલ શાહ તથા ભૂતપૂર્વ ઉપ-પ્રમુખ શ્રી જીવણલાલ અમુલખભાઈ કુવાડિયા,

શ્રી ભાઈલાલ જગજીવનદાસ નારેચાણીયા, શ્રી કિશોરભાઈ નંદલાલ શાહ, શ્રી ચંદ્રવદનભાઈ રમણલાલ શાહ વગેરે જેઓ હાલમાં હયાત નથી પણ તેમને આપેલી સેવાને યાદ કરી હતી. તેમજ મંડળના ભૂતપૂર્વ મંત્રી શ્રી મનહરભાઈ રતિલાલ બગડિયા જેઓનું થોડા સમય પહેલા દુઃખદ અવસાન થયું હતું. તેમને મંડળને આપેલી સેવાઓને યાદ કરવા સાથે બે મીનીટનું મૌન પાળી શ્રદ્ધાજલી આપી હતી.

તેમજ મંડળના પ્રમુખ શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહના પ્રમુખપદે મંડળની રજત જયંતી ઉજવી હતી અને ૪૦ વર્ષની ઉજવણી પણ તેમના પ્રમુખપદે કરીશું. તેમ જણાવ્યું હતું.

યુવા મંડળના નવા વરાયેલા પ્રમુખ શ્રી મનીષભાઈ મનહરલાલ બગડિયાનું બહુમાન મંડળના મંત્રીશ્રી નીતિનભાઈ શાહે બુકે તથા મોતીની માળાથી કરેલ હતું.

શ્રી નરેશભાઈ ગાંધીએ ખાસ ટકોર કરતાં એક મહત્વની વાત કરી હતી કે આપણા અનેક ઝાલાવાડી પરિવારે સાયન - માટુંગા વિગેરે અનેક પરામાં દેરાસર અને ઉપાશ્રયની જગ્યા માટે પોતાની સંપતિનો સદવ્યય કર્યો છે પણ કેટલાક વર્ષોથી તેમના નામની તકતી લગાડવામાં આનીકાની થાય છે. તો આપણે સૌએ એક થઇ તેનું નિરાકરણ લાવવાની કોશિશ કરવી જોઈએ.

સંઘના મંત્રીશ્રી મુકેશભાઈ શાહ, શ્રી પીયુશભાઇ શાહ, શ્રી ભરતભાઈ કુવાડિયા, સહ મંત્રી શ્રી મીતેશભાઇ શાહ, ZBF ના મંત્રીશ્રી રાહુલભાઈ સંઘવી, ફાઉન્ડેશનના મંત્રીશ્રી કેતનભાઈ શાહ, સંઘના PRO શ્રી દીપકભાઈ ગાંધી, મંડળના ભૂતપૂર્વ પ્રમુખ શ્રી રસિકલાલ પ્રેમચંદ શાહ પરા ઉપનગરના મંડળોના પધારેલા પ્રમુખો, મંત્રીઓ, ટ્રસ્ટીઓમાં બોરીવલી મંડળનાં શ્રી પ્રફુલભાઈ સલોત, શ્રી કૌશિકભાઈ પરીખ, શ્રી પ્રદીપભાઈ શાહ, મુલુંડ મંડળનાં શ્રી જતીનભાઈ શાહ, શ્રી દીપેનભાઈ શાહ, અંધેરી મંડળનાં શ્રી કિર્તીભાઈ ધ્રુવ, શ્રી શૈલેષભાઈ શાહ, ઘાટકોપર મંડળનાંશ્રી બીપીનભાઈ શાહ, શ્રી પંકજભાઈ શાહ વગેરે સર્વેનું બુકેથી યુવા મંડળોના પદાધિકારીઓ તથા કમિટિ સભ્યોએ કર્યું હતું.

કાર્યક્રમની વચ્ચે વિધાર્થીઓને તથા ગ્રેજ્યુએટ થયેલા વિધાર્થીઓનું બહુમાન શ્રી કિરીટભાઈ વૃજલાલ બાબરિયા પરિવારના શ્રીમતી વીણાબેન કિરીટભાઈ બાબરીયા તથા શ્રીમતી હિરલબેન મિતેશભાઈ બાબરિયાએ કવરો આપી બહુમાન કર્યું હતું. આ કાર્યકમની વ્યવસ્થા યુવામંડળે સંભાળી હતી.

તપસ્વીઓનું બહુમાન શ્રીમતી શારદાબેન કિશોરભાઈ શાહે કવર આપી બહુમાન કર્યું હતું.

ધાર્મિક ઇનામો શ્રી મહાસુખલાલ જગજીવનદાસ પારેખ પરિવારના સંજોગોવસાત કોઈ સભ્યો હાજર રહી શક્ય ન હોવાથી તેમના વતી મંડળના પ્રમુખ તથા ઉપસ્થિત મહેમાનોના હસ્તે કવર આપી બહુમાન કરેલ હતું.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન મંત્રીશ્રી રાજેશભાઈ શાહ, ખજાનચીશ્રી કમલેશભાઈ શાહ તથા યુવા મંડળે કર્યું હતું.

અંતમાં ટ્રેઝર હન્ટ, ડ્રોઇંગ કોમ્પીટીશન તથા ગહુલી ના વિજેતા તેમજ લક્કી ડ્રો ના વિજેતાના ઈનામોનું વિતરણ કરવામાં આવેલ. આ કાર્યક્રમનું સંચાલન મંડળના ઉપ પ્રમુખ શ્રી રાજેશભાઈ ગાંધી એ કરેલ હતું. જેમાં શ્રી નીતિનભાઈ શાહ, શ્રી વિજયભાઈ દોશીએ સહકાર આપેલ હતો.

કાર્યક્રમના અંતમાં મંડળના ખજાનચી શ્રી કમલેશભાઈ જયંતભાઈ શાહે આભાર વિધિ કરી હતી. ઉપરાંત સર્વે આમંત્રિત મહેમાનો, દાતાશ્રીઓ, મંડળના પદાધિકારીઓ તથા કમિટી સભ્યોનો આજના કાર્યક્રમને સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટે દરેકના સાથ - સહકાર - સહયોગ બદલ આભાર માનવામાં આવ્યો હતો તથા ઉપસ્થિત મંડળના સભ્યોના સહકાર બદલ આભાર માનવામાં આવેલ હતો. લગભગ બપોરે ૧/૩૦ કલાકે સર્વોએ સાથે મળી પ્રીતિ ભોજનની મઝા માણી હતી અને કાર્યક્રમની વિશિષ્ટ પળોને વાગોળતા-વાગોળતા સાથે છુટા પડ્યા હતા.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મહિલા મંડળ - બોરીવલી

ઝાલાવાડ મહિલા મંડળ નો વાર્ષિક દિવસ નિમિત્તે યોજેલ કાર્યક્રમ તા. ૧૬/૧/૨૦૨૫ ના મંડપેશ્વર દેરાસર માં ખુબ સુંદર રીતે ઉજવવામાં આવ્યો .સવારે ૧૦ વાગે પંચકલ્યાણક પૂજા માટે સહુ બહેનો સમયસર આવી ગયેલ, અને ઉત્સાહ પૂર્વક રાગ-રાગીણી સાથે પૂજા ભણાવી. આરતી, મંગલદીવો અને શાંતિકળશ માટે બોલી બોલવામાં આવી જેમાં પણ બહેનોએ

રસ પૂર્વક ભાગ લીધો. ત્યાર બાદ એક મિટિંગ રાખવામાં આવેલ જેમાં મંડળ ના પ્રમુખ શ્રીમતી ઇન્દુબેન બગડિયા એ વર્ષ દરમિયાન થયેલ કાર્યક્રમો ની વિગત આપી અને બહેનો ના સાથ સહકાર માટે આભાર માન્યો. ટીપ માટે ટહેલ નાખતા સભ્ય બહેનો એ સારી એવી રકમ લખાવી. મંડળ દરેક દાતા ઓનો આભાર મને છે .

છેલ્લે ઊંધિયું, પુરી, વટાણાના ઘૂઘરા અને ફ્રૂટસલાડના મિસ્ટ ભોજનને ન્યાય આપી સહુ છૂટા પડ્યા.

આરતી - શ્રીમતી ઉર્મિલાબેન કોઠારી
મંગલદીવો - શ્રીમતી વાસંતીબેન મેહતા
શાંતિકળશ - શ્રીમતી પ્રીતિબેન વિક્રમભાઈ શાહ

પૂજા પુરી થયા પછી મંડળ તરફથી રૂા.૨૦/- ની પ્રભાવના કરવામાં આવી હતી

આ પ્રંસંગે મંડળ ને નીચે મુજબ ભેટ મળેલ છે

૧૧૦૦૦/- શ્રીમતી જશુમતીબેન નગીનદાસ શાહ
હ : સવિતા જયેશ શાહ
૧૧૦૦૦/- શ્રીમતી હિના હેમંત શાહ
૧૧૦૦૦/- શ્રીમતી ઉર્વશીબેન પ્રવીણભાઈ શાહ
૫૦૦૦/- શ્રીમતી જ્યોતિબેન બાહુબલભાઈ હ : શ્વેતા
૫૦૦૦/- શ્રીમતી વાસંતીબેન રતિલાલ મેહતા
૨૫૦૦/- શ્રીમતી નયનાબેન સલોત
૧૧૦૦/- શ્રીમતી પ્રીતિબેન વિક્રમભાઈ
૧૦૦૦/- શ્રીમતી સંગીતાબેન સુનિલભાઈ
૧૦૦૦/- શ્રીમતી સુરેખાબેન અજમેરા
૧૦૦૦ /- શ્રીમતી ભાનુબેન શાંતિલાલ અજમેરા
૫૦૦/- શ્રીમતી ઇન્દુબેન બગડીઆ
૫૦૦/- શ્રીમતી વિભાબેન શાહ
૫૦૦/- શ્રીમતી ઇન્દીરાબેન શાહ
૫૦૦/- શ્રીમતી અમિતા પરીખ
૫૦૦/- શ્રીમતી હંસાબેન શેઠ
૫૦૦/- શ્રીમતી ઇલાબેન એસ શાહ
૫૦૦/- શ્રીમતી કરિશ્મા મેહતા
૫૦૦ /- શ્રીમતી હિના હેમંત શાહ
૫૦૦/- શ્રીમતી હેમાલી આશિત શાહ
૫૦૦ /- શ્રીમતી ચારુ કલાપી શાહ
૫૦૦/- શ્રીમતી કોમલ બગડીઆ
૫૦૦/- શ્રીમતી યોગિનીબેન
૫૦૦/- શ્રીમતી ઉર્વશીબેન પ્રવીણભાઈ શાહ
૫૦૦/- શ્રીમતી જ્યોતિબેન મહેશભાઈ
૫૦૦/- શ્રીમતી જ્યોત્સનાબેન વિજયભાઈ
૫૦૦/- શ્રીમતી ઇલાબેન કોઠારી
૫૦૦/- શ્રીમતી સીમા હિતેષભાઇ દોશી
૫૦૦/- શ્રીમતી અલકા જે . શાહ
૫૦૦/- શ્રીમતી રેખાબેન દિલિપભાઈ વોરા
૫૦૦/ શ્રીમતી મિનલબેન ગાંધી
૫૦૦/- શ્રીમતી ફાલ્ગુની ગાંધી
૫૦૦/- શ્રીમતી કૈલાશબેન એસ .શાહ
૫૦૦/- શ્રીમતી માયા મુકેશ વોરા
૫૦૦ /- શ્રીમતી પન્ના વિપુલ શાહ
૫૦૦/- શ્રીમતી જ્યોત્સ્નાબેન દિલિપભાઈ
૫૦૦/- શ્રીમતી પલ્લવી ગોસલિયા
૨૫૦/- શ્રીમતી વિણાબેન પ્રકાશભાઈ
૨૦૦/- શ્રીમતી જયશ્રીબેન વિનોદભાઈ

દરેક સભ્યશ્રીઓના આભાર માનીએ છીએ.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. મહિલા મંડળ - સાંતાક્રુઝ

ઉપરોક્ત મંડળ તરફથી અડાલજ, શેરીસા, પાનસર, રાંતેજ ઉઘરોજ, શંખેશ્વર, ૧૦૦૮ પાર્શ્વનાથ, વિજાપુર, આગલોડ, મહુડીનો બે દિવસનો યાત્રા પ્રવાસ યોજવામાં આવેલ હતો.

તા.૨૬-૧૧-૨૦૨૪ના રોજ લોકશક્તિ ટ્રેન દ્વારા યાત્રા પ્રવાસની શરૂઆત કરી સવારના ૫.૦૦ કલાકે મણિનગર ઉતર્યા બસ દ્વારા અડાલજ તરફ પ્રયાણ કર્યુ. જ્યાં અમારા મંડળના પ્રમુખ નયનાબેન સાથે બીજી બે બહેનો સવારની નવકારશીની વ્યવસ્થા કરવા આગળ પહોંચી ગયા હતા. સવારના અડાલજની તેઓને લઈને શેરીસા પહોંચ્યા. શેરીસામાં શેરીસા પાર્શ્વનાથના દર્શન સમુહ ચૈત્યવંદન કરી અડાલજ આવ્યા. અડાલજ નયનાબેનના ભાઈ મહેન્દ્રભાઈના ફ્લેટમાં અડદિયો, ફાફડા, ગાંઠીયા, રાઈતા મરચા, ખાખરા, કચોરી ભૂસુ, ચા-કોફીનો બાદશાહી નાશ્તાને માણ્યો. આ નવકારશીનો લાભ નયનાબેને લીધો હતો. નાશ્તાનો આનંદ માણી અડાલજ ત્રિમંદિર દર્શન કરવા ગયા.

ત્રિમંદિરમાં શ્રી સીમંધર સ્વામીની ૧૫૫ ઈંચ અલૌકિક પ્રતિમા, પદ્માનાભ સ્વામી તથા પદ્માવતી માતા અને અન્ય ભગવાનની પ્રતિમાના દર્શન કર્યા. અહીં Informative Museum છે અને મીની થિયેટર પણ છે. પૂજ્ય દાદા ભગવાન દ્વારા આ ત્રિમંદિર બનાવવામાં આવ્યું છે. જૈનીઝમ, શિવીઝમ તથા વૈશ્નવીઝમ બધા ધર્મના ભગવાન અને દેવીઓના દર્શન કર્યા. ત્યાંથી અડાલજ વાવ જોવા ગયા. ત્યારબાદ પાનસર પહોંચ્યા.

સૌપ્રથમ બપોરના ભોજનને ન્યાય આપી સજીધજી દેરાસરમાં શ્રી મહાવીર સ્વામી ભગવાન તથા અન્ય ભગવાનની પુજા ચૈત્યવંદન કરી પૂજાના જ વસ્ત્રોમાં રાંતેજ તરફ પ્રયાણ કર્યું.

રાંતેજ શ્રી નેમી સરસ્વતીધામ જ્યાં બહુ પ્રાચીન શ્રીનેમીનાથ તીર્થંકર તથા મા સરસ્વતીનું જીનાલય છે. જે જમીનમાંથી નીકળ્યું છે. અહીં સરસ્વતી માતાનું બહુજ મહત્વ છે. શ્રી નેમીનાથ દાદાની પૂજા કરી સરસ્વતી માતાના દર્શન પૂજા કરી ચૂંદડી ચડાવી.

ઘણાં બહેનો પહેલીવાર જ રાંતેજ આવ્યા હતા. સાંજનો ચોવિહાર રાંતેજ કરી શંખેશ્વર તરફ પ્રયાણ કર્યુ. રસ્તામાં ઉધરોજ તીર્થ આવે છે જ્યાં મણિભદ્રવીર દાદા પણ બિરાજમાન છે. ઉધરોજ દેરાસરમાં તથા મણિભદ્રદાદાની આરતી કરવાનો લાભ મંડળની બહેનોને મળ્યો. ત્યાંથી શંખેશ્વર પહોંચ્યા. રાતના રૂમોની ફાળવણી કરી રાતના વિશ્રામ બાદ સવારના વહેલા ૬.૦૦ કલાકે શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ દાદાના દરબાર પહોંચ્યા. જ્યાં સૌએ ફરી-ફરી દાદાની વાસક્ષેપ પૂજા આજુબાજુની દેરીમાં કેસરપૂજા ભમતીમાં દર્શન અને ચૈત્યવંદન કરી સવારના નવકારશી વાપરી શંખેશ્વરથી ૧૦ કી.મી. દૂર ૧૦૦૮ પાર્શ્વનાથ દેરાસરમાં શ્રી નાગેશ્વર પાર્શ્વનાથ બિરાજમાન છે તેના તથા ૧૦૦૮ દેરીમાં પાર્શ્વનાથના દર્શન કરી વિજાપુર પહોંચ્યા. વિજાપુર દેરાસરમાં દર્શન ચૈત્યવંદન કરી. આગલોડ પહોંચ્યા જ્યાં દેરાસરમાં ભગવાનના દર્શન કરી શ્રી મણિભદ્રવીર દાદાને સુખડી ચડાવી પ્રસાદ વાપર્યો. ત્યાંથી મહુડી ગયા. મહુડી શ્રી પદ્મપ્રભુ સ્વામીના દર્શન કર્યા. શ્રી ઘંટાકર્ણ મહાવીરના દર્શન કર્યા અને સુખડી તથા નાળિયેરનો પ્રસાદ ધરાવી બધાએ વાપર્યો. મહુડીમાં લીલી વરિયાળી, કાચી કેરી, બોર જામફળની મોજ બહેનોએ માણી.

મહુડીથી મણિનગર સ્ટેશન પહોંચ્યા. ટ્રેનમાં યાત્રાપ્રવાસને વાગોળતા નિંદ્રાધીન થયા. સવારના બાન્દ્રા ટર્મિનસ પર શ્રી કુંથુનાથ દાદાની જય બોલવતા ખુશખુશાલ ઘર તરફ પ્રયાણ કર્યું.

આ યાત્રા પ્રવાસમાં બહેનો પાસેથી ફક્ત ટિકિટના જ પૈસા લેવામાં આવેલ. બાકી બધો ખર્ચ મંડળ તરફથી કરવામાં આવેલ હતો.

મંડળને ભેટ :- મહેમાન શ્રીમતી દક્ષાબેન શાહ તરફથી રૂા.૩૦૦૦/-, શ્રીમતી પ્રતિભાબેન દોશી તરફથી રશ્મિભાઈની દશમી પુણ્યતીથી નિમિત્તે રૂા.૧૫૦૦/-.

રૂા.૫૦૦/- શ્રીમતી જયશાલીબેન, રૂા.૫૦૦/- શ્રીમતી કલ્પનાબેન, રૂા.૫૦૦/- શકુંતલાબેનની પૌત્રીના જન્મદિવસ નિમિત્તે. રૂા.૫૦૦/- શ્રીમતી તૃપ્તિબેનના પુત્રના જન્મદિવસ નિમિત્તે.

તા.૪-૧-૨૫નાં રોજ શ્રી નમ્રમુની પ્રેરિત લુક એન લર્ન કર્મ એકઝીવીશન પડઘા પરમધામ સાધના સુંલમાં આવેલ છે. માનવીય જીવનમાં ઉઠતા દરેક પ્રશ્નોનું સચોટ સમાધાન આપે છે જે પ્રભુ મહાવીરના કર્મ સિધ્ધાંતનો ચિતાર આપી રહ્યું છે. મોર્ડન ટેક્નોલોજીના ઉપયોગ સાથે કર્મસિધ્ધાંતની સમજ આપતા આ Exhibition જોઈ મંડળના સભ્યોના ઉદ્ગાર હતા.

'Wonderful' - 'Amazing' - 'Excellent'

યાત્રા-પ્રવાસ દરમ્યાન દરેક જિનાલયમાં રૂા.૫૦૦/- સાધારણ ખાતામાં લખાવવામાં આવેલ.

# શોધતો રહ્યો

**શોધતો રહ્યો.. ચાવી..**
**સુખનાં ખજાનાની... પણ..**
**ખબર જ ન હતી...**
**તાળું માર્યું કોણે.... ?...**
**સુખ તો હતું.... ડગલે ને પગલે..**
**ખબર જ ન હતી... એને...**
**છુપાવ્યું કોણે... ?..**
**સુખ તો હતું.. નાની નાની વાતોમાં...**
**ખબર જ ન હતી... એને.....**
**મોટી મોટી વાતોમાં.....**
**ભરમાવ્યું કોણે.. ?**
**સુખ તો હતું... સંતોષ અને તૃપ્તિમાં....**
**ખબર જ ન હતી... એને...**
**અપેક્ષા અને મહત્વકાંક્ષાના સમુદ્રમાં..**
**ડુબાડ્યું કોણે.... ?...**
**સુખ તો હતું... હર એક કામ..**
**ધગશ અને ખંતથી...**
**કરવામાં...ત્યાગમાં..**
**ખબર જ ન હતી... એને..**
**દેખાદેખી, વેરઝેરની આગમાં...**
**બાળ્યું કોણે... ?**
**સુખ તો હતું... જરૂરિયાતો ઓછી રાખવામાં..**
**ખબર જ ન હતી... વધારે**
**ખબર જ ન હતી... એને..**
**કાંટાળા અને આળસનાં**
**ગેરમાર્ગે દોર્યું કોણે... ?**
**સુખ તો હતું... સંપ, સુલેહ અને**
**ને વધારે ભેગું કરવાનું..**
**શીખવાડ્યું કોણે... ?**
**સુખ તો હતું... શાંતિ અને પ્રસન્નતામાં**
**ખબર જ ન હતી...**
**ઘોંઘાટ અને કોલાહલના ટોળામાં**
**ધક્કો માર્યો કોણે... ?**
**શોધતો રહ્યો.. ચાવી..**
**સુખનાં ખજાનાની... પણ..**
**ખબર જ ન હતી...**
**તાળું માર્યું કોણે.... ?...**



## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઈ
## સંચાલિત : ઝાલાવાડ જૈન સગપણ સેતુ
## દેરાવાશી, સ્થાનકવાશી, દિગંબર, તેરાપંથી (ચારેય ફિરકા)
## ઓનલાઈન લગ્નોત્સુક યુવક-યુવતી વોટસએપ બાયોડેટા

**અભૂતપૂર્વ પ્રતિસાદ બદલ આભાર : ૩૧ જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં ૧૫૦ થી વધારે ઉમેદવારો નોંધાયા**

મુંબઈના વિભિન્ન જૈન સમાજમાં ૧૧૨ વર્ષના વટવૃક્ષ સમા - ઝાલાવાડ સમાજનું અનેક વિવિધ સેવાકીય પ્રવૃત્તીથી એક આગવું સ્થાન છે. તે માટે પુરોગામીઓએ જે પગદંડી દોરી હતી. સમાજનું જે રીતે ઘડતર નિઃસ્વાર્થ ભાવે કર્યુ હતું. સમાજ શ્રેષ્ઠીઓ, દાતાઓ અને વિચારશીલ પ્રબુધ્ધ અગ્રગણ્યોએ શ્રી સંઘને ઉચ્ચ સ્થાને લઈ જવામાં યોગદાન આપેલ છે. વિકાસના કાર્યોને નજર સમક્ષ રાખી પ્રમુખ શ્રી દિલીપભાઈ ખીમચંદ શાહના નેતૃત્વ વિકાસ યાત્રાને છેલ્લા વર્ષોમાં સૌથી પ્રબળ ઝડપનો વેગ મળ્યો છે.

વેવિશાળના વિકટ પ્રશ્નને વર્તમાન સંજોગોમાં હલ કરવા માટે કોઈકે તો પ્રયત્નો કરવા જ રહ્યા. સમાજમાં શિક્ષણ વધ્યું છે. દિકરા-દિકરીની પસંદગીના ધોરણો બદલાયા છે. આજનાં યુવક-યુવતી દરેક રીતે સમકક્ષ બન્યા છે. પસંદગી માટેના અને માપદંડો બદલાયા છે. આપણી રહેણીકરણી - જીવન જીવવાની રીતરસમો બદલાયા છે. સમાજમાં મોભીઓની અછત વર્તાય છે. જે મોભીઓ છે તેઓ પણ સમયાનુસાર આ પ્રશ્નમાં સહાયભૂત થવા ખચકાટ અનુભવી રહ્યા છે. આવા સક્રાંતિ કાળમાં સમાજને ભગવાન ભરોસે ન છોડાય. સમાજ પ્રત્યેની જવાબદારી નિભાવવાની ફરજ સમજીને હાલના ટેક્નોલોજી અને કોમ્પ્યુટર યુગમાં શરૂઆત કરી રહ્યા છીએ. સફળતા પછી આવું સમય - સંજોગોને અનુરૂપ નવુ સાહસ કરવું જ જોઈએ. તેવી ભાવના પ્રબળ બની છે. પ્રમુખશ્રી, હોદ્દેદારો, ટ્રસ્ટીશ્રી અને કારોબારી કમીટીએ સમાજના વડીલોએ અમારી ભાવનાને સફળ બનાવવા પ્રોત્સાહજનક આજ સુધી પ્રતિસાદ આપ્યો છે. ઝાલાવાડી સમાજ ધીરે ધીરે શ્રી સંઘના આ પ્રયાસની સાથે કદમથી કદમ મિલાવી ચાલશે. એની સંપૂર્ણ શ્રધ્ધા અને વિશ્વાસ સાથે આગળ વધી રહ્યા છીએ. સમાજના પ્રશ્નો હલ કરવાની આપણી સહિયારી જવાબદારી છે.

યુવક-યુવતી પરિચય મિલનનું પાંચ વખત શ્રી સંઘ દ્વારા આયોજન કર્યું છે. તેમજ યુવક-યુવતી પરિચય પુસ્તીકા ત્રણ વખત પ્રકાશીત કરેલ છે. જે સમાજના પરિવારોને ઉપયોગી થયેલ છે. જેના થકી ઘણા એ પ્રભુતા પગલા પાડેલ છે. લગ્ન થયેલ છે. આપ સૌની પ્રબળ પ્રેરણા - ઉત્તમ સહયોગ - અવર્ણનીય સાથ સહકારથી પ્રોત્સાહિત થઈ અમોએ યુવક-યુવતી પરિચય માટે ઝાલાવાડ જૈન સગપણ સેતુ અષાઢી બીજ ને રવીવાર તા.૧૩-૭-૨૦૨૪ થી મંગલ શુભારંભ કરેલ છે. નોંધાયેલ ઉમેદવારો વોટસઅપ થી જોઈ શકશે.

**-: શરતો / નિયમો :-**

(૧) શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘના આજીવન સભ્ય મુંબઈમાં અન્ય શહેરોમાં રહેતા પરિવારો પૂરતુ મર્યાદિત છે.
(૨) નોંધણી (રજીસ્ટ્રેશન) પહેલા શ્રી ઝાલાવાડ સંઘના ઓળખપત્ર (શ્રીસંઘ ''આઈ કાર્ડ'') મોકલવાનું રહેશે.
(૩) વોટસઅપ થી બાયોડેટા મોકલવાના / જોવા મળશે.
(૪) રજીસ્ટ્રેશન નોંધણી ફી રૂા.૨૦૦/- છ માસ માટે મોકલવાના રહેશે. ત્યારબાદ રિન્યુ કરાવવાનું રહેશે.
(૫) કુવારા અને સગપણ મુકેલ યુવક-યુવતીની નોંધણી કરવામાં આવશે. ઉમર મર્યાદા ૩૫ વર્ષ સુધી
(૬) નવા બાયોડેટા દર રવીવારે અપડેટ કરવામાં / મુકવામાં આવશે.
(૭) ફોટો વગરના પ્રોફાઈલ/બાયોડેટા સ્વીકારવામાં આવશે નહીં.
(૮) સગપણ થઈ જાય પછી તુરંત સંઘના મો.નં. પર જણાવવાનું રહેશે.
(૯) ઉમેદવાર જે બાયોડેટા મોકલશે તેજ મુકવામાં આવશે.
(૧૦) ગ્રેજ્યુએટ, અંડર ગ્રેજ્યુએટ, પ્રોફેશનલ - મંગળ - શની અને વિદેશ જવા ઈચ્છતા હશે તે નોંધાવી શકશે.

**માહિતી સંપર્ક : મો.: ૯૧૩૭૩૪૨૮૧૮ સમય : ૧૧.૩૦ થી ૫.૩૦**
**નોંધણી માટે સંપર્ક : મો.: ૯૮૧૯૩૪૨૮૧૮ સમય : સાંજે ૬.૦૦ થી ૮.૦૦**

## ❖ રત્નકણિકા ❖

ધર્મ કરવો કંઈ હજી બહુ અઘરો નથી

પણ પાપ છોડવું તો ખુબજ કઠિન છે

આપણે પાપો છોડી શકીએ

તો થોડો પણ ધર્મ તારક બની જશે.


*Bhavin Shah* *Jaymin Shah* *Rohan Shah*

**GAUTAM STEEL INDUSTRIES**

***Mfg. and Stockist in :-***

**S.S., M.S., Brass, High Tensils Bolt, Nut, Washer, Spring Washer, C.S.K, Allen Cap, Grub, Stud, Rivet, Coach Screw, Cotter Pin, Wing Nut, Nylone Nut, Lock Nut etc.**

131, Narayan Dhuru Street, G.Floor, Pydhonie, Mumbai - 400 003.
Phones : (O) 2341 5814 / 2342 4025 / 2343 4014
(R) 2885 0621 / 28017611

♦ ♦ ♦

Gala No. 4/7, Janki Indl. Estate, Plot No.10/B, Near K.T.Indl. Park
Gorai Pada, Vasai (E), Thane - 401 208
Email : gautamsteelind2@gmail.com

**ફકત જૈન મેનુ**

કાશ્મીર | દાર્જીલીંગ | હીમાચલ | સાઉથ | લેહ | નૈનીતાલ | કેરાલા | સીમલા

**શ્રી સમેતશિખરજી મહાયાત્રા**

**48-66 કલ્યાણક ભુમીયાત્રા**

અભય નવીનભાઈ શાહ

**ગુરૂકૃપા ટ્રાવેલ્સ**

અશોક નગર, કાંદિવલી (ઈ), મુંબઈ

**93244 08369 / 95942 86900**

**Pradeep Shah** - 97695 36312 / 99693 88114

**Anmol Electricals**


***Dealers in:*** **All kinds of Electricals Goods & LED Lights & Panels**

***Stockist of :*** **Accessories of Anchor, elle, elleys', GM Hifi Modular Range. Fancy LED Lights & LED Panels**

Shop No. 103, Gr. Floor, Govind Nivas, 99 -103, Lohar Chawl, Mumbai - 400 002.
Tel : 22065215 / 39567162 ◆ Tele Fax : 30037162
**Email :** anmolelectricals162@gmail.com

જય બહુરાજ મો.:૯૮૨૦૨ ૮૪૧૧૫
શ્રી કમળમાતાય નમઃ ૯૯૮૭૫ ૮૪૧૧૫

**શાસ્ત્રી રવીભાઈ જી. જોષી**



ઝાલાવાડના ગોર

વાસ્તુ-નવચંડી-ગ્રહશાંતિ-હવન-કાલસર્પ પૂજા તથા નારાયણબલી સત્યનારાયણ પૂજા, રાંદલ પૂજા, જૈન લગ્નવિધી પ્રમાણે તથા જન્મકુંડલી, ધાર્મિક વિધીઓ વગેરે

એ/૩૦૨, બી/૪૦૨, સુશીલ કો.ઓ.હા.સો.લિ., શિતલ નગર, ચિલ્ડ્રન્સ એકેડમી સ્કુલની સામે, અશોક ચક્રવર્તી ક્રૉસ રોડ, દામોદરવાડી પાસે, કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦ ૧૦૧.


### જનરેશન ગેપ ?

સાસુ-વહુ વચ્ચે,
બાપ-દિકરા વચ્ચે,
મા-દિકરી વચ્ચે તો
સમજ્યા, પણ
પતિ-પત્ની વચ્ચે ક્યાં છે
જનરેશન ગેપ ?
તો કેમ નથી બનતું ??

- પૂ.આ.શ્રતિવજયરત્નસુંદર
સૂરીસ્વરજી મ.સા.


Hasmukh Sheth 98208 58125 Tel. : 2614 8864
Chetan Sheth 98201 44214 Tel.26125440

**M.K. ENTERPRISES**

***Distributors :***
**Polo Kitchenware**
**Polo Thermoware**
**All Time Houseware Item**
**Gift Articles**

1, Amrat Apartment,
Bajaj Road,
Nr. Railway Station,
Vile Parle (W),
Mumbai - 400 056.

Harshit Bharat Vora - 998755422
Pranav Bharat Vora - 9870105764



**VORA ESTATE AGENT**

**• OFFICE • SHOPS • FLATS • RENTALS • INDUSTRIAL GALA**

Shop No. 3, Sushila Smruti, Opp. Axis Bank, Ashok Chakravarti Road, Plot A, Kandivali (E), Mumbai - 400 101.
Email : vorapranav16@gmail.com

**એવરગ્રીન કોર્પોરેશન**

**Evergreen Corporation**

હાર્ડવેર અને ટુલ્સના વેપારી
૨૪, ફીદા મેન્સન,
ઉજે માળે, બીબીજાન સ્ટ્રીટ,
મુંબઈ - ૪૦૦ ૦૦૩.

—: ઓફિસ :-
Contact No.
**022 - 40021946 / 23443591**
E-mail : evergren@rediffmail.com
lalit46@gmail.com

## શ્રી ઝાલાવાડ જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ - મુંબઇ
**શ્રી આદિનાથ રત્નત્રય આરાધનાધામ -(યાત્રિક ભવન પાલીતાણા)**
**માતુશ્રી સમજુબેન ત્રીભોવનદાસ લાલચંદ શાહ પરિવાર**
**હ: શ્રીમતી પ્રવીણાબેન પ્રવીણચંદ્ર શાહ (ઘાટકોપર - મુંબઇ)**

**ચેકઈન ટાઈમ સવારે ૮.૦૦ ચેકઆઉટ ટાઈમ સવારે ૭.૩૦**
**બ્લોકનો નકરો (એક દિવસનો) નીચે મુજબ છે.**

| | |
|---|---|
| ૫ બેડ - એ.સી | રૂા.૧૨૦૦/- |
| ૫ બેડ - નોન એ.સી | રૂા.૬૦૦/- |
| (દરેક બ્લોકમાં ૨ ટોઈલેટ ૨ બાથરૂમની વ્યવસ્થા સાથે) | |
| ૨ બેડ - એ.સી. | રૂા.૭૦૦/- |
| ૨ બેડ - નોન એ.સી. | રૂા.૩૦૦/- |

## યાત્રિક ભવન રૂમ બુકીંગ અંગેના નિયમો - સૂચના

**યાત્રિક ભવન માટેનું બુકીંગ ફક્ત નીચેના સ્થળે થશે :**

| | |
|---|---|
| ૧. | શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ સં ઘ - મુંબઇ<br>ન્યુ ઈંડિયા હાઈટ્સ, ૮મે માળે, ઓલ્ડ પોલીસ લેન,<br>રેલ્વે સ્ટેશનની સામે, અંધેરી (ઇસ્ટ),<br>મુંબઇ - ૪૦૦૦૬૯. મો.નં: ૯૧૩૭૩૪૨૮૧૮<br>સમય : ૧૧.૩૦ થી ૬.૦૦ |
| ૨. | નોંધ : એપ્રિલ ૨૦૨૪ થી પાલીતાણા યાત્રિક ભવન, રૂમ અને પેકેજનું બુકીંગ દામોદરવાડીમાં કરવામાં આવશે નહિં. |
| ૩. | યાત્રિક ભવન બ્લોક એડવાંસ બુકીંગ ચાર માસ પહેલા (રેલ્વે ટીકીટ રીઝર્વેશન પ્રમાણે) કરવામાં આવે છે. |
| ૪. | પાલીતાણા પહોંચતા યાત્રિકોએ નવકારસી- બપોરનું ભોજન અને ચૌવિયારની અગાઉથી જાણ કરી જણાવેલ સમયમાં પાસ મેળવી લેવાનાં રહેશે. |
| ૫. | ભોજનપાસ લેવાના સમય : નવકારશી માટે આગળના દિવસે સાંજે ૭ કલાકે.બપોરના ભોજન પાસ માટે : સવારે ૧૦ વાગ્યા સુધી.<br>ચોવિહાર માટે : બપોરે ૩.૩૦ કલાક પહેલા.<br>સંપર્ક : ૦૨૮૪૮ - ૨૪૩૩૯૬ |
| ૬. | યાત્રિક પહોંચતા આધાર કાર્ડની ઝેરોક્ષ ફરજીયાત આપવાની રહેશે. |
| ૭. | યાત્રિક ભવન ચેક આઉટ કર્યા બાદ બ્લોકની ચાવી ઓફીસમાં જમા કરાવવાની રહેશે. |
| ૮. | બ્લોક કેન્શલેશન ચાર્જીસ ડીપોઝીટ રશીદ પાછળ છાપેલ મુજબ કાપવામાં આવશે. |

કન્વીનર - યાત્રિક ભવન વ્યવસ્થા કમીટી

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ - મુંબઈ

## નવા આજીવન સભ્ય માટે અગત્યની સૂચના

નવા સભ્ય થવા માટે તેમજ નવિનીકરણ થતા આજીવન સભ્ય પરિવારોને સભ્યપદ માટે વર્તમાન સભ્ય શ્રી જેઓ અરિહંત શરણ થતા તેમના વારસદારો (પુત્ર / પત્ની) એ નીચે મુજબની વિગતો સાથે પ્રમાણ પત્રો આપવાના રહેશે.

| | |
|---|---|
| **આજીવન સભ્ય ફી** | **રૂા.૯૦૦/-** |
| **દાખલ ફી** | **રૂા.૧૦૦/-** |
| **કુલ** | **રૂા.૧૦૦૦/-** |
| **પેટર્ન સભ્ય ફી** | **રૂા.૩૦૦૦/-** |

૧. શ્રી સંઘની અંધેરી ઓફિસેથી અથવા દામોદરવાડીએથી નવા આજીવન સભ્યપદ માટેનું ફોર્મ મેળવી વ્યવસ્થિત પૂરી વિગતો લખીને ભરીને તેમના વિસ્તારના મંડળ પ્રમુખ / મંત્રી / ટ્રસ્ટી અથવા હોદ્દેદારો ની સહિ કરાવવાની રહેશે.

૨. અરિહંત શરણ થયેલ સભ્ય શ્રીનું (ડેથ સર્ટિફીકેટ) મરણનું પ્રમાણપત્ર.

૩. કૌટુંબીક રેશન કાર્ડની પ્રથમ પાના / છેલ્લા પાનાની ઝેરોક્ષ.

૪. શ્રી સંઘના ઓળખપત્રની ઝેરોક્ષ ફોર્મ સાથે બીડવું.

૫. આ આજીવન સભ્યનું ફોર્મ ફક્ત મુંબઈના સભ્યો માટે જ છે.

**-: સંપર્ક :-**

શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. જૈન સંઘ, ન્યુ ઈંડિયા હાઈટ્સ,
૮મે માળે, ઓલ્ડ પોલીસ લેન, રેલ્વે સ્ટેશનની સામે,
અંધેરી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૯.
**મો.: ૯૧૩૭૩૪૨૮૧૮**
દામોદરવાડી, દુકાન નં.૯, ચક્રવર્તી અશોક રોડ,
કાંદિવલી (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૧૦૧.

## શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. સંઘ – મુંબઈ
**ઝાલાવાડ જૈન દર્શન માસિક પત્રિકા**
**-: જાહેરખબરના દર :-**

| | |
|---|---|
| છેલ્લુ કવર પેઇજ (આર્ટ પેપર) ફોરકલર એક વખતના | રૂા.૮૦૦૦/- |
| અંદરના કવર પેઇજ નં. ૨ તથા ૩ (આર્ટ પેપર) એક વખતના | રૂા.૭૦૦૦/- |
| કલર પ્રીન્ટીંગ - એક ફુલ પેઇજ - એક વખત | રૂા.૫૫૦૦/- |
| કલર પ્રીન્ટીંગ - અડધા પેઇજ - એક વખત | રૂા.૨૮૦૦/- |
| અંદરનું સાદુ પેઇજ સીંગલ કલર ફુલ પેઇજ એક વખતના | રૂા.૩૦૦૦/- |
| અંદરનું સાદુ પેઇજ સીંગલ કલર હાફ પેઇજ એક વખતના | રૂા.૧૮૦૦/- |
| અંદરનું સાદુ પેઇજ સીંગલ કલર ક્વૉટર પેઇજ એક વખતના | રૂા.૧૦૦૦/- |
| અંદરનું સાદુ પેઇજ સીંગલ કલર ૧/૩ પેઇજ એક વખતના | રૂા.૧૨૦૦/- |
| એક યુનિટ એક વખતના | રૂા.૬૦૦/- |
| એક યુનિટ એક વર્ષનાં (૧૨ અંક) | રૂા.૨૦૦૦/- |
| બે યુનિટ એક વખતના | રૂા.૫૦૦/- |
| બે યુનિટ એક વર્ષનાં (૧૨ અંક) | રૂા.૪૮૦૦/- |

**કાયમી સંપર્ક: નવકાર ફુડ પાર્સલ પોઈન્ટ**
**સુકેતુભાઈ (જોરાવરનગર)**

**મો.૯૦૯૯૯ ૨૨૫૮૯ / ૦૯૦૯૯૯ ૨૨૪૨૬**

**ફોન: (૦૨૭૫૨) ૨૨૨૫૮૯**

મુંબઈ થી બોટાદ પાલીતાણા અને ભાવનગર જતા જૈન યાત્રીકો માટે પ્યોર જૈન ત્થા મુંબઈથી ગીરનાર જતા યાત્રીકો માટે

**નવકારશીની વ્યવસ્થા (ચા-દૂધ-નાસ્તો)**

**(ગ્રુપ બુકીંગ પણ કરવામાં આવે છે.) ઉકાળેલા પાણીની વ્યવસ્થા ઉપલબ્ધ છે. અમારે ત્યાં દરેક નાસ્તા શુધ્ધ - સાત્વીક - પ્યોર જૈન ફુડ મળશે અને તમારા ઓર્ડર મુજબ ગરમ નાસ્તો બનાવી આપીશું**

સૌરાષ્ટ્ર જનતા - સૌરાષ્ટ્ર મેલમાં રાજકોટ - વાંકાનેર - સુરેન્દ્ર નગર થી મુંબઈ જતા યાત્રીકો માટે અગાઉ બુકીંગ કરાવવાથી જૈન ભોજનની વ્યવસ્થા સુરેન્દ્રનગરમાં ઉપલ્બધ છે.

વોટ્સઅપ : ચિરાગ મો.૯૮૭૯૨૭૭૯૭૩,
સુકેતુ મો.૯૩૭૪૬ ૭૮૯૧૦

સુરેન્દ્રનગર ગેટ સ્ટેશને જમવાનું મળશે.

---

Rajesh : 98243 43499
Dhruvin : 90334 82510

Jai Jinendra


(O) : 0265 - 2422411
98250 42266

**SULSA TRAVELS**

CONTACT FOR SAFE AND COMFORTABLE JOURNEY

HONDA CITY, SWIFT DZIRE, INNOVA, INDICA, INDIGO, TAVERA, ENJOY, WINGER, TEMPO TRAVELLER, MINI BUS, LUXURY BUS

All Vehicles Available in A/C & NON A/C



E-MAIL : sulsatravels@gmail.com

Opp. Lalji Kui Masjid, Nagarwada, Vadodara

---

Rajesh Shah
+91 - 9820518767

Nimit Shah
+91 - 8976179249

MARKO™
Write with pride...

**NILRAJ ENTERPRISES**

★ MFG OF - Ball Pens & Roller Ball Pens ★

★ CONTACT US ★

13, Old Guest House, Bhadran Nagar Road No.2,
S. V. Road, Malad (West), Mumbai - 400064.
E-Mail : nilrajpens@gmail.com / nimits350@gmail.com
✆ - 022 - 28070424
Website : www.markopens.com

---

Manufacturing of:
Roller Pen, Ball Pen
& Corporate Gifting

**I. B. Shah**
ENTERPRISE

C-5-3, Bhadran Nagar,
Near N. L. High School,
S. V. Road, Malad West,
Mumbai: 400 064.

Nilesh Shah
+91-9820827512
ibshahent@yahoo.com

---

**Vision OPTICS** SINCE 1991

Opticals & Contact Lenses

9, Laxmi Palace,
60 Feet Road, Ghatkopar (East),
Mumbai - 400 077.
91-22-2501 6161
93235 29352
visionoptics1991@gmail.com

1 & 2 , Vaibhav Residency,
Plot No. NDR 22 , Tilaknagar,
Chembur (West) , Mumbai-400089.
91-22-2528 6161
99309 29352
visionopticschembur@gmail.com

follow us on :

---

Estd.-1931

**J. LALDAS & Company**

507, Maulana Azad Road, Near Gol Deval Temple,
Mumbai - 40 004. Tel.: 2346 2023 / 2347 0259

33/C, Laxmi Industrial Estate, New Link Road, Andheri (West),
Mumbai - 400 053. Tele Fax : 2636 6896 / 4003 9177
Email : jlaldas@gmail.com, jlaldas_co@hotmail.com

Jaquar experience bathing | Artize | Jaquar WATER HEATERS | CISTERNS

---

**NEW MAHAVIR TRAVELS**

Available Rental Car / Taxi in Surendranagar

Innova - Ertiga - Swift Desire

Tempo Traveller - EECO

*Available at Discounted Price*

*Contact :*

Gautambhai Kothari - 9898166768

Darshanbhai - 8780028856

# લોક કલ્યાણ અને તબીબી ક્ષેત્રે વિશેષ નામના પ્રાપ્ત ચંપા-વિજયા હોસ્પીટલ - રામપુરા ભંકોડા

## ચંપા-વિજયા હોસ્પીટલ - રામપુરા ભંકોડા ખાતે સર્વ રોગ નિદાન - શિબિર

ઝાલાવાડના ગામોમાં તબીબી ક્ષેત્રે ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત હોસ્પીટલોમાં અગ્રગણ્ય નામના ધરાવતી વિરમગામ પાસે રામપુરા ખાતેની ચંપા-વિજયા હોસ્પીટલમાં તા.૧૨-૧-૨૦૨૫ ને રવિવારના રોજ નિઃશુલ્ક સર્વરોગ નિદાન શિબીર (ફ્રી મેડીકલ ચેકઅપ કેમ્પ) અને નિદાન પછી જે બીમારી હોય તેની નિઃશુલ્ક સારવારનું આયોજન થયેલ જેમાં વિવિધ પ્રકારની બીમારી જેવી કે આંખ, નાક-કાન-ગળા, કેન્સર, કીડની, આંતરડા, ફેફસા, હાડકા અને પગના ઘૂંટણ વગેરેના નિદાન માટે આજુ-બાજુના ગામડા અને શહેરમાંથી ૫૬૦ થી પણ વધારે દર્દીઓ (ચેકઅપ) નિદાન કરાવવા આવેલ હતા. તે સર્વેનું શ્રી સી.યુ.શાહ મેડીકલ કોલેજ અને હોસ્પીટલ - સુરેન્દ્રનગરના નિષ્ણાંત ડૉક્ટર અને સ્ટાફ વગેરે ૩૦ થી વધારે સભ્યોની ટીમ નિદાન માટે સેવા આપવા આવેલ.

સેવા ઘણા પ્રકારની થઈ શકે છે. પરંતુ કારમી - અસહ્ય મોંઘવારી અને નાના ગામડાના ગરીબ - ખેત મજૂરી કરતા શ્રમીકો અને સામાન્ય પરિવારને તો ન જ પરવડી શકે પરંતુ મધ્યમ વર્ગના પરિવારને તબીબી સારવારનો મોટો ખર્ચ આકસ્મિક આવી પડે તો ઘર ખર્ચાનું બજેટ પડી ભાંગે અને ઉછીના કે લોન લઈને પણ સારવાર કરાવવી પડે છે.

ચંપા-વિજયા હોસ્પીટલના સ્થાપક અને ટ્રસ્ટી સમાજરત્ન શ્રી ચીનુભાઈ હિંમતલાલ શાહ ૪૦ વર્ષથી દેખરેખ રાખી રહ્યા છે. આધુનિક ટેક્નોલોજીના મશીનો, નિષ્ણાંત ડોક્ટરો, નર્સ કમ્પાઉન્ડરની ટીમ દ્વારા સેવા આપે છે.

જેથી ઝાલાવાડ પંથકમાં અને વિરમગામ તાલુકાના દૂર સુધીના આંતરિયાળ ગામડાઓમાં સારી નામના પ્રાપ્ત કરી છે. ચાલીસ વર્ષમાં ૩૦ લાખ (હોસ્પીટલ રેકોર્ડ મુજબ) થી પણ વધારે દર્દીઓ સારવાર લઈ શક્યા છે.

માતા-પિતાના સંસ્કારોને સમાજરત્ન શ્રી ચીનુભાઈએ સેવાક્ષેત્રે ફક્ત તબીબી જ નહી, કેળવણી સહાય, સાધર્મિક ભક્તિ માટે આર્થિક યોગદાન આપી હિમાયતી રહ્યા છે. પ્રેરણારૂપ ઉદાહરણ પૂરૂ પાડેલ છે.

પોતાનું આર્થિક યોગદાન પ્રથમ (Cherity Begins to Home) સાથે સમાજ અગ્રગણ્યો અન્ય જૈન તેમજ જૈનેતર સાથે સંબંધો દ્વારા દાન લાવી, ફંડ એકત્રિત કરી આપી સમાજસેવાનું ઉદાહરણ પુરૂ પાડેલ છે.

### 'I.C.U.' વોર્ડનું ઉદ્દ્ઘાટન

ચંપા-વિજયા હોસ્પીટલમાં આઈ.સી.યુ. વોર્ડ માટે વતન રામપુરા-ભંકોડા નિવાસી હાલ મુંબઈ શ્રી પ્રવીણભાઈ ચંદુલાલ શાહ પરિવારે રૂા.૧૧ લાખનું દાન આપેલ હતું. તેઓશ્રી અને ધર્મપત્ની દ્વારા આઈ.સી.યુ. વોર્ડનું ઉદઘાટન કરેલ સાથે શ્રી પ્રવીણભાઈ આત્મારામ શાહ વતન રામપુરા-ભંકોડા, હાલ અમદાવાદના કર કમલો દ્વારા તકતી અનાવરણ કરવામાં આવેલ. આ બન્ને પરિવારનું ઉચિત બહુમાન કરવામાં આવેલ.


મુંબઈથી શ્રી ઝાલાવાડ જૈન શ્વે.મૂ.પૂ. ફાઉન્ડેશનના વાઈસ ચેરમેન શ્રી હર્ષદભાઈ દીપચંદ શાહ અને શ્રી ઝાલાવાડ સંઘ - મુંબઈના મંત્રી શ્રી મુકેશભાઈ ઉત્તમચંદ શાહ અને સહખજાનચી શ્રી કેતનભાઈ કનૈયાલાલ શાહ, શ્રી જે. એમ. શાહ બોરીવલી હાજર હતા.

તેજ પ્રમાણે સુપુત્રો શ્રી રાજેશભાઈ અને શ્રી ધર્મેશભાઈ પણ પિતાશ્રીના પગલે ચાલીને આજે માતા-પિતાના સંસ્કારો સાથે નામ ઉજાગર કરે છે. શ્રી રાજેશભાઈ રામપુરા - ચંપા-વિજયા હોસ્પીટલ સાથે સ્કુલ અને પાંજરાપોળના વહીવટી દેખરેખ જવાબદારી પૂર્વક સંભાળી રહ્યા છે. આ હોસ્પીટલમાં ગતવર્ષે ડાયાલીસીસના ચાર મશીનો લાવી અને દર્દીઓને સારવાર આપવામાં આવે છે. ઘણાં વર્ષોથી દર શનિવારે મોતીયાના ઓપરેશન નિઃશુલ્ક કરવામાં આવે છે.

આ પરિવારની પ્રેરણા લઈ સાથે ભૂરી-ભૂરી અનુમોદના કરીએ એટલી ઓછી ગણાશે. સમાજના અને વતનના સેવાના કાર્યો દ્વારા પ્રગતિ - વિકાસ કરે તેમજ તંદુરસ્તીભર્યું આયુષ્ય બક્ષે એજ પ્રાર્થના.

**અહેવાલ :- મુકેશ શાહ**

# Roving Eyes



## ટૅક્સ રાહત મળી, હવે આવશે ઈન્કમ ટૅક્સ બિલ

નાણામંત્રી નિર્મલા સીતારમને કેન્દ્રીય બજેટમાં ૧૨ લાખ સુધીની આવક ટૅક્સ ફ્રી કરી મધ્યમવર્ગને મોટી રાહત આપી સાથે નવું ઈન્કમ ટૅક્સ બિલ લાવવા એલાન કર્યું હતું. જેને આગામી સપ્તાહે સંસદમાં રજૂ કરાશે.

નાણા મંત્રીએ આ અંગે કહ્યું કે આ ઈન્કમ ટૅક્સનું નવું બિલ ટૅક્સ સિસ્ટમને સરળ બનાવવા લાવવામાં આવી રહ્યું છે. જો તેને સંસદની મંજૂરી મળી જાય છે અને તમામ પ્રક્રિયા પૂરી થઈ જાય છે તો દેશમાં ઈન્કમ ટૅક્સનો નવો કાયદો આવશે. દેશમાં હાલ ૧૯૬૧નો ઈન્કમટૅક્સ કાયદો લાગુ છે. બજેટ ૨૦૨૦માં સરકારે આ કાયદા હેઠળ જ એક નવી ટૅક્સ રિજીમ લાગુ કરી હતી પરંતુ જુલાઈ ૨૦૨૪માં રજૂ કરાયેલા બજેટમાં સરકારે સ્પષ્ટ કહ્યું હતું કે દેશમાં ઈન્કમ ટૅક્સ કાયદો બદલવાની જરૂર છે. જે માટે સમીક્ષા સમિતિ રચવામાં આવી હતી.

